અપીલ અરજી નં.૫૧ તા.૨–૬–૦૯/૧૦

અરજદારઃ– ડો. બાબુભાઈ એમ. શાહ
સામાવાળાઃ– (૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)
(૨)ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ)
(૩)એડીશનલ સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (હાઈડ્રોલીક)

## ફરીયાદની હકીકતઃ–

**વિષયઃ**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી ડો.બાબુભાઈ એમ. શાહની તા.૮–૪–૦૯ ની અરજીથી ૨૦૦૨ માં ઈલેકટ્રીક મેઈન્ટેનન્સનો કોન્ટ્રાકટ વેસ્ટઝોન તથા સેન્ટ્રલ ઝોનમાં કોને આપવામાં આવેલો? તેની સાથે કોર્પોરેશને એગ્રીમેન્ટ કરેલ કે નહીં જો કરેલ હોય તો કઈ પાર્ટી સાથે અને તેની નકલ, ૨૦૦૯ નું ઈલેકટ્રીક બીલ બાકી છે? હોય તો તેનું કારણ આ બાબતે સુરત મહાનગરપાલિકાને નોટીસ આપેલ હોય તો નોટીસ તથા તેના જવાબની નકલ, તે અંગે કોઈ ત્રાહિત વ્યકિતએ નોટીસ આપેલ છે અને તેના કારણે પેમેન્ટ અટકાવેલ છે, કલાકુંજ સોસા., પ્લોટ નં.૬૯ અને ૭૦ થી ૭૨ જેની જમીન સરકારી છે તેના ઝાડ કોણે કાપ્યા, કોના હુકમથી અને લાકડા કયાં જમાં કરાવ્યા ,ઝોનલચીફ વરાછાએ બી.ઈ. કયારે જોઈન્ટ કર્યુ તથા કેટલા વર્ષે ફાઈનલ પરીક્ષા પાસ કરી અને તેની માર્કશીટ તથા તેની પરવાનગી તથા તેમને ૨૦૦૧ થી ૦૬ સુધી ભોગવેલ રજાનો રીપોર્ટ માસ વાઈઝ બરોડા પ્રિસ્ટેજમાં આવેલ જલારામ એપાર્ટ. પ્લાન કોણે મુકયો અને કોણે મંજુર કર્યો તેની રજાચિઠ્ઠી ગેરકાયદેસર બાંધકામ હોય તો નોટીસ, લીધેલા પગલા ટીપી નં.૧૬,૨૦ અને ૩૮ માં કેટલી વ્યકિતઓને ગેરકાયદેસર નોટીસો આપી? હાઈટેન્શનની બાજુમાં એકઝી. ઈજનેરે એફીડેવીટ કરેલ તેમાં મહાનગરપાલિકાએ શું પગલા લીધા વિગેરે મુદ્દા નં.૧ થી ૧૧ ની માંગેલ માહિતી પેકી મળેલ માહિતી અન્વયે મુદ્દા નં.૭,૮,૯ તથા ૧૧ અંગે અપીલ બાબત.

**સંદર્ભ :**–અરજદાર મજકુરની તા.૨–૬–'૦૯ ની અપીલ અરજી નં.૫૧/૨૦૦૯–૧૦

ડો.બાબુભાઈ એમ. શાહની તા.૮–૪–૦૯ ની અરજીથી ૨૦૦૨ માં ઈલેકટ્રીક મેઈન્ટેનન્સનો કોન્ટ્રાકટ વેસ્ટઝોન તથા સેન્ટ્રલ ઝોનમાં કોને આપવામાં આવેલો? તેની સાથે કોર્પોરેશને એગ્રીમેન્ટ કરેલ કે નહીં જો કરેલ હોય તો કઈ પાર્ટી સાથે અને તેની નકલ, ૨૦૦૯ નું ઈલેકટ્રીક બીલ બાકી છે? હોય તો તેનું કારણ આ બાબતે સુરત મહાનગરપાલિકાને નોટીસ આપેલ હોય તો નોટીસ તથા તેના જવાબની નકલ, તે અંગે કોઈ ત્રાહિત વ્યકિતએ નોટીસ આપેલ છે અને તેના કારણે પેમેન્ટ અટકાવેલ છે, કલાકુંજ સોસા., પ્લોટ નં.૬૯ અને ૭૦ થી ૭૨ જેની જમીન સરકારી છે તેના ઝાડ કોણે કાપ્યા, કોના હુકમથી અને લાકડા કયાં જમાં કરાવ્યા ઝોનલચીફ વરાછાએ બી.ઈ. કયારે જોઈન્ટ કર્યુ તથા કેટલા વર્ષે ફાઈનલ પરીક્ષા પાસ કરી અને તેની માર્કશીટ તથા તેની પરવાનગી તથા તેમને ૨૦૦૧ થી ૦૬ સુધી ભોગવેલ રજાનો રીપોર્ટ માસ વાઈઝ બરોડા પ્રિસ્ટેજમાં આવેલ જલારામ એપાર્ટ. પ્લાન કોણે મુકયો અને કોણે મંજુર કર્યો તેની રજાચિઠ્ઠી ગેરકાયદેસર બાંધકામ હોય તો નોટીસ, લીધેલા પગલા ટીપી નં.૧૬,૨૦ અને ૩૮ માં કેટલી વ્યકિતઓને ગેરકાયદેસર નોટીસો આપી? હાઈટેન્શનની બાજુમાં એકઝી. ઈજનેરે એફીડેવીટ કરેલ તેમાં મહાનગરપાલિકાએ શું પગલા લીધા વિગેરે મુદ્દા નં.૧ થી ૧૧ ની માંગેલ માહિતી પૈકી મળેલ માહિતી અન્વયે મુદ્દા નં.૭,૮,૯ અને ૧૧ અં ગે અપીલ બાબતે મુદ્દા નં.૭ ની અધૂરી માહિતી અને મુદ્દા નં.૮,૯ અને ૧૧ નો જવાબ ઉડાઉ આપેલ છે તેવી રજૂઆત કરી એપેલેટ ઓફિસરને તા.૨–૬–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, તબદીલ કે આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા/ઈન્કાર હોય તો તેની પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૨૪૬ તા.૮–૬–૦૯ થી ૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન) (૨)ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ) (૩)એડીશનલ સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (હાઈડ્રોલીક) તથા અરજદારને કયા જાહેર માહિતી અધિકારીએ આપેલ માહિતી સામે કયા મુદ્દા માટે નારાજગી છે તે અંગે મળેલ માહિતી પત્ર સહિત વિગતો રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ કક્ષાએથી જાવક નં.જીએડી/ઈએસટી/૬૭૯ તા.૧૫–૬–૦૯ થી અત્રેના વિભાગને પૂરક માહિતી મળેલ છે. જેમાં રાંદેરઝોન તરફથી તા.૧૩–૪–૦૯ ના રોજ મધ્યસ્થ મહેકમને મુદ્દા નં.૭ અંગે તબદીલ થયાની નકલ, વરાછાઝોન તરફથી આંશિક મુદ્દા નં.૭ અને ૮ની માહિતી માટે ફી ભરવા પાઠવેલ તા.૨૨–૪–૦૯ નો પત્ર તથા આપેલ માહિતીનો તા.૬–૫–૦૯ નો પત્ર, તથા હાઈડ્રોલીક વિભાગને આંશિક માહિતી માટે તબદીલ કરેલ તા.૨૨–૪–૦૯ નો પત્ર, સામાન્ય સભાના ઠરાવની નકલ તથા અભ્યાસ અંગેની પરમીશનનો આફિસ ઓર્ડર વિગેરેની નકલ પૂરક માહિતીમાં અત્રેના વિભાગને પૂરી પાડવામાં આવેલ છે. જયારે અન્ય બે જાહેર માહિતી અધિકારી વરાછાઝોન અને હાઈડોલીક વિભાગ તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી. અરજદારે તા.૨૨–૬–૦૯ ના રોજ પત્ર ધ્વારા પ્રશ્ન નં.૭ ની અધૂરી માહિતી આવેલ છે તેમાં કયારથી બી.ઈ. જોઈન્ટ કર્યુ અને કયારે પૂર્ણ કર્યુ તેવી માહિતી આપેલ નથી તથા નવા જેટલા પ્રયત્ને પાસ કરી તેની માર્કશીટની દરેક પરીક્ષાની કોપી આપવા તેમજ પ્રશ્ન નં.૮ માં જવાબ વ્યવસ્થિત આપેલ નથી. પ્રશ્ન નં.૯ નો જવાબ પણ આપેલ નથી તેવી રજૂઆત અપીલ તબકકે કરેલ છે.

અરજદારની તા.૮–૪–૦૯ ની મુદ્દા નં.૧ થી ૧૧ ની માહિતી માંગતી અરજી રાંદેરઝોનમાં કરવામાં આવેલ. તેઓ તરફથી વેસ્ટઝોન/આ.નં.૧૩ તા.૧૩–૪–૦૯ થી પર્સોનલ ઓફિસર મધ્યસ્થ મહેકમને મુદ્દા નં.૭ અંગે તબદીલ કરવામાં આવેલ. તથા વરાછાઝોન તરફથી આંશિક મુદ્દા નં.૭ અને ૮ માટે કાર્યપાલક ઈજનેર હાઈડ્રોલીક અને પર્સોનલ ઓફિસર મધ્યસ્થ મહેકમને આરટીઆઈ સેલ આ.નં.૧૬ તા.૧૭–૪–૦૯ થી તબદીલ કરવામાં આવેલ. તેમજ ડે.કમિશ્નર(પઅનેઈ) મુદ્દા નં.૭ ની આંશિક માહિતી અને મુદ્દા નં.૮ અંગે હાઈડ્રોલીક ઈજનેર હાઈડ્રોલીક વિભાગને તબદીલ કરવામાં આવેલ. ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદારને રૂા.૧૨/– દસ્તાવેજ ફી ભરીને નં.જીએડી/ઈએસટી/૧૯૭ તા૨૨–૪–૦૯ થી પાઠવેલ પત્રની નકલ રજૂ કરેલ છે. તથા તેઓ તરફથી નં.જીએડી/ઈએસટી/૩૧૧ તા.૬–૫–૦૯ ના પત્રથી અરજદારને માહિતી મોકલ્યાની નકલ અત્રે રજૂ કરેલ છે જેમાં અરજદારને સામાન્ય સભાના ઠરાવ નં.૮૨ સને ૧૯૭૧ ના ઠરાવની નકલ તથા શ્રી જે કે. શાહને આપવામાં આવેલ પુનઃ અભ્યાસ અંગે આપવામાં આવેલ પરમીશનના જીએડી/ઈએસટી/૩૨૫૩ તા.૨૨–૨–૦૧ , જીએડી/ઈએસટી/૩૭૮૫ તા.૧૬–૨–૦૨ , જીએડી/ઈએસટી/૩૯૪૧ તા.૫–૨–૦૩, જીઓડી/ઈએસટી/૭૩૯ તા.૫–૬–૦૪ તથા જીએડી/ઈએસટી/૩૬૦૫ તા.૧૫–૩–૦૫ સને ૨૦૦૧ થી ૦૫ ની જે તે એકેડેમી વર્ષમાં પાર્ટટાઈમ પોસ્ટ ડીપ્લોમામાં ડીગ્રી પરીક્ષામાં બેસવા માટેની મંજુરીના હુકમોની નકલ અત્રે રજૂ કરેલ છે. જયારે નોંધ વિભાગમાં પરીક્ષાઓની માર્કશીટ તેઓના વિભાગમાં ઉપલબ્ધ નહીં હોવાથી તે માહિતી માટે હાઈડ્રોલીક વિભાગમાં તબદીલ કરવા જોગ છે તેવું જણાવેલ છે. જયારે મુદ્દા નં .૭ આંશિક માર્કશીટની નકલ અને મુદ્દા નં.૮ માટે હાઈડ્રોલીક વિભાગને તબદીલ કરેલ છે. ઈ.ચા. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી મુદ્દા નં.૮ અંગે તા.૧–૧–૦૧ થી તા.૩૧–૧૨–૦૬ સુધી શ્રી જે કે. શાહએ ભોગવેલ હક રજાની માહિતી એચઈડી/આં.નં.૩૬૩ તા.૧૧–૫–૦૯ થી અરજદારને આપવામાં આવેલ છે તેની નકલ અત્રે રજૂ કરેલ છે. ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૯,૧૦ અને ૧૧ ની માહિતી નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૧૬ તા.૧૮–૫–૦૯ થી અરજદારને પૂરી પાડયાની નકલ અત્રે રજૂ કરેલ છે. અરજદારે અપીલ અરજીમાં મુદ્દા નં.૭ નો જવાબ અધુરો છે અને બાકીના જવાબો ઉડાઉ આપેલ છે તેવી રજૂઆત કરેલ છે. જે અંગે અરજદારને અપીલ તબકકે પાઠવેલ પત્રના અનુસંધાને મુદ્દા નં.૭

પાછળ

અંગે બી.ઈ. કયારે જોઈન્ટ કર્યુ તથા કેટલા વર્ષે ફાઈનલ પરીક્ષા પાસ કરી ત્યાર સુધીના દરેક પ્રયત્નની માર્કશીટ મુદ્દા નં.૮ ૨૦૦૧ થીર ૨૦૦૬ સુધીની માસવાઈઝ રજાનો રીપોર્ટ માંગેલ તેમ છતાં ફકત હકરજા ભોગવેલ જેની માહિતી આપેલ છે જે ખરેખર ખોટી છે. મુદ્દા નં.૮ અંગે બરોડા પ્રિસ્ટેજ ખાતે આવેલ જલારામ એપાર્ટ. વિશે ફકત પ્લાન રજુ કરેલ નથી તેવો જવાબ આપેલ છે. ઈસ્ટઝોનની જવાબદારી લઈને ફરતા હોય ત શહેરના મધ્યમાં જો ત્રણ માળના એપાર્ટ. બંધાય જતાં હોય એમાં એમની જવાબદારી કે નહીં? મુદ્દા નં.૧૧ હાઈટેન્શનની બાજુમાં આવેલ બાંધકામની માહિતી સ્પષ્ટ આપવામાં આવેલ નથી.સુરત મહાનગરપાલિકા સામે ફકત સીવીલ એપ્લીકેશન ૨૭૫૪૫ થી એક જ કેસ હતો તો પછી અમને મુદ્દાસર જવાબ આપવો જોઈતો હતો તેવી રજૂઆત કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારી ઈસ્ટઝોન ધ્વારા કે જાહેર માહિતી અધિકારી એડીશનલ સીટી ઈજનેર કક્ષાએથી અપીલ તબકકે પત્ર પાઠવી તક આપવા છતાં અપીલના રજૂ કરેલ મુદ્દા અંગે આધાર કે વાજબીપણું રજૂ કરેલ નથી.

અરજદારના આંશિક મુદ્દા નં.૭ અને ૮ અંગેની માહિતી બાબતે નં.જીએડી/ઈએસટી/૧૯૮ તા.૨૨–૪–૦૯ થી હાઈડ્રોલીક વિભાગને તબદીલ કરવામાં આવેલ. પરંતુ જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને મજકુર કર્મચારીની માર્કશીટની નકલો પુરી પાડવામાં આવેલ જણાતી નથી. તેમજ મુદ્દા નં.૮ અંગે પણ અરજદારને ફકત હક રજાની જ માહિતી પૂરી પડાયેલ છે. જયારે અન્ય રજાઓની તથા માસવાઈઝ માહિતી પૂરી પડાયેલ જણાતી નથી કે તેમ નહીં કરવા અંગે ઈન્કારનું કોઈ કારણ જણાવેલ નથી. મુદ્દા નં૯ અને ૧૦ બાબતે અરજદારને જાહેર માહિતી અધિકારી તરફથી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. મુદ્દા નં.૧૧ અંગે જાહેર માહિતી અધિકારીએ સ્પષ્ટ માહિતી રજૂ કર્યેથી વિગતવાર માહિતી આપવામાં આવશે તેવું અરજદારને જણાવેલ છે.

અરજદારે અપીલ તબકકે મુદ્દા નં.૭,૮, ૯ અને ૧૧ સિવાય કોઈ તકરાર ઉભી કરેલ ન હોઈ તે અંગેની માહિતી બાબતે વિવાદને કોઈ સ્થાન રહેતું નથી મુદ્દા નં.૯ અંગે જાહેર માહિતી અધિકારી વરાછાઝોને બાબત હેઠળની મિલ્કતમાં પ્લાન રજૂ થયેલ નહીં હોવાની તથા કોઈ નોટીસ નહીં હોવાની માહિતી આપેલ છે. તેવી જ રીતે મુદ્દા નં.૧૦ અંગે ટીપી ૧૬ માં ૦૮/૦૯ ના વર્ષમાં ગેરકાયદેસર બાંધકામ સબબ ૩ નોટીસ આપવામાં આવ્યાનું તથા ટીપી ૨૦ માં શુન્ય અને ટીપી ૩૨ માં બે નોટીસ આપ્યાની માહિતી આપેલ છે. જે કાયદાની કલમ–૨(એફ) અને ૨ (જે) અનુક્ર મે માહિતી અને માહિતી અધિકારની વ્યાખ્યા હેઠળ કરેલ ઉપલબ્ધ દફતરી માહિતી આપવાની જોગવાઈ સાથે સુસંગત જણાય છે. જયારે મુદ્દા નં.૭ આંશિક બી.ઈ. જોઈન્ટ કર્યુ , કેટલા વર્ષે બી.ઈ.કર્યુ તથા બી.ઈ.ની ની માર્કશીટોની કોપીનીકોઈ માહિતી જાહેર માહિતી અધિકારી હાઈડ્રોલીક તરફથી આપેલ જણાતી નથી. મુદ્દા નં.૮ અંગે જાહેર માહિતી અધિકારી અને એડીશનલ સીટી ઈજનેર ધ્વારા રજાના સમય ગાળા મુજબ હકક રજાની માહિતી આપેલ છે. અન્ય રજાના પ્રકારની માહિતી બાબતે અપીલ તબકકે તક આપવા છતાં સ્પષ્ટતા કરેલ નથી. માસવાર રજાની માહિતી જો તે પ્રમાણે રજાનો રેકર્ડ કે સેવા ઈતિહાસ નિભાવતા હોય તો જ તે મુજબ આપવા પાત્ર થાય. જયારે મુદ્દા નં.૧૧ અંગે જાહેર માહિતી અધિકારી ધ્વારા ઈન્કાર અંગે કોઈ કાયદાના અપવાદનું કારણ જણાવેલ નથી.

## ***હુકમ***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૮–૪–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી અત્રે જાહેર માહિતી અધિકારીના નામ સામે નિર્દિષ્ટ વિગતેની માહિતી કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા લાગત જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવે છે.

| અ.ન. | માહિતી અરજીના મુદ્દાની વિગત | લાગત જાહેર માહિતી અધિકારી |
|---|---|---|
| ૧. | મુદ્દા નં.૭ આંશિક બી.ઈ. અભ્યાસ અને માર્કશીટને લગતી માહિતી | ઈ.ચા. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (હાઈડ્રોલીક) |
| ૨ | મુદ્દા નં.૮ માંગેલ માહિતીના સમય ગાળા માટે તમામ પ્ર કારની રજાની માહિતી | ઈ.ચા. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (હાઈડ્રોલીક) |
| ૩ | મુદ્દા નં.૧૧ હાઈકોર્ટમાં કરેલ એફીડેવીટ બાબતમા તે પછી લેવાયેલ પગલાની દફતરી માહિતી | ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન) |

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૬ –૦૯

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન), (૨)ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ) (૩)એડીશનલ સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (હાઈડ્રોલીક) ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી બાબુભાઈ એમ. શાહ,